જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૩/૦૩/૨૦૨૩ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૩૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૭૨ લીટર દેશી દારૂ, ૪૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ રિક્ષા, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૪૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૮૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૩૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## આઠમાં માળથી પડી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૪૩૮/૨૦૨૩

**સોલા હાઈકોર્ટઃ** રેખાબહેન વા/ઓ ભાર્ગવભાઈ મોકરીયા (રહે. વિર સાવરકર હાઈટ્સ-૧ વસંતનગર ટાઉનશીપ ગોતા) તા.૧૨/૦૩/૨૦૨૩ કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે આઠમા માળે રહેણાંક મકાનની ગેલેરીમાં કપડા સુકાવતા હતા ત્યારે ગેલેરીમાંથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.રવિયા ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૪૩૯/૨૦૨૩

**રિવરફ્રંટ વેસ્ટઃ** મોહંમદસાહિલ મુનાફઅહેમદ અંસારી (ઉ.વ.૧૯) (રહે. અબ્બાસ ટેનામેન્ટ ગુડલક બરેલ માર્કેટ રૂવી માર્બલનો ઢાળ અલસના રો-હાઉસ ચંડોળા દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૩/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા સાહિત્ય પરિષદ પાછળ સીડી નંબર-૩૧ ઘાટ નંબર-૬ પાસે વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશભાઈ કાનજીભાઈ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** રાજેશભાઈ કાનજીભાઈ ચાવડા (ઉ.વ.૪૪) (રહે. ભાથીજીનગર કેવડાજીની ચાલીની અંદર હીરાવાડી) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૩/૨૩ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અશ્વિનભાઈ રામજીભાઈ ચલાવે છે.

**રામોલઃ** કોમલ ડો/ઓ ચીનુભાઇ ઠકકર (ઉ.વ.૨૪) (રહે. મંગલજ્યોત સોસાયટી સૌરભ સ્કુલ પાસે તક્ષશીલા સ્કુલ પાછળ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૩/૨૩ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને રખીયાલ નારાયણી મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદેવ લાભુભા ચલાવે છે.

**નારોલઃ** રામકિશોર વૃંદાવન નાઇ (ઉ.વ.૪૮) (રહે. કૃષ્ણનગર વિભાગ-૧ મારીયાપાર્ક રાણીપુર નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૩/૨૦૨૩ સવારના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પોતાના બન્ને હાથે ખુલ્લા તાર બાંધી વિજ બોર્ડમાં પીન ભરાવી વિજ કરંટથી આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી